# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળ માં 5 હજાર 200 કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું લોકાપર્ણ અને ખાતમુર્હુત કર્યું.

**2)** સર્વોચ્ચ અદાલતે મતદાર યાદીમાંથી ગાયબ થયેલા હોય તેવા મતદારોની દાવા અરજી ઓનલાઈન સ્વીકારવા ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો

**3)** સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, ભારત સ્થાનિક એન્જિન સાથે પાંચમી પેઢીના લડાયક વિમાન બનાવશે

**4)** સરકારે દેશમાં સેમિકન્ડક્ટર ડિઝાઇન ક્ષમતાઓને પ્રોત્સાહન આપવા 23 ચિપ ડિઝાઇન પરિયોજનાને મંજૂરી આપી.

**5)** પ્રતિષ્ઠિત ડ્યુરન્ડ કપ ફૂટબોલની ફાઇનલ આવતીકાલે કોલકાતામાં રમાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EARLY-PM-KOLKATA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાંજે પશ્ચિમ બંગાળના કોલકાતામાં 5200 કરોડ રૂપિયાથી વધુની વિવિધ પરિયોજનાઓનું લોકાપર્ણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમણે કહ્યું કે, કોલકાતા ભારતના ઇતિહાસ અને ભવિષ્ય બંનેમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. એક સભાને સંબોધતા તેમણે જણાવ્યું કે, જેમ જેમ ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે , તેમ તેમ દમદમ અને કોલકાતા મુખ્ય શહેરોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

(બાઈટ --- PM ON KAYAKALP)

તેમણે નોંધ્યું કે વર્ષ 2014 પહેલા, દેશમાં ફક્ત 250 કિલોમીટર મેટ્રોનાં રૂટ હતા, જે હવે 1,000 કિલોમીટરથી વધુનાં થયાં છે.

(બાઈટ ---PM ON CONNECTIVITY)

અગાઉ, બિહારના ગયા ખાતે 12 હજાર કરોડ રૂપિયાના બહુવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાપર્ણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ પ્રધાનમંત્રીએ કહ્યું કે , ઓપરેશન સિંદૂર ભારતની સંરક્ષણ વ્યૂહરચનામાં એક નવી રેખા દોરી છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, જો આતંકવાદીઓ પૃથ્વીના પેટાળમાં છુપાઈ જાય તો પણ, ભારતની મિસાઈલો તેમને ત્યાં દફનાવી દેશે.

. . . . . . . . . . . . .

# SC-ECI-SIR

સર્વોચ્ચ અદાલત આજે ચૂંટણી પંચને એવા મતદારો પાસે ની દાવા અરજી ઓનલાઈન સ્વીકારવાનો નિર્દેશ આપ્યો છે જેમના નામ મતદાર યાદીમાંથી ગાયબ છે, અને આ પ્રક્રિયામાં કોઈપણ દસ્તાવેજો ભૌતિક રીતે રજૂ કરવાનો આગ્રહ રાખવો નહીં.

ખંડપીઠે પણ સ્પષ્ટ કર્યું કે, દાવા અરજી ચૂંટણી પંચ દ્વારા મૂળ સૂચિબદ્ધ 11 દસ્તાવેજોમાંથી કોઈપણ સાથે અથવા આધાર કાર્ડ સાથે રજૂ કરી શકાશે. બિહારમાં 26 જૂનના ચૂંટણી પંચના વિશેષ સઘન સમીક્ષા - SIR અંગેના આદેશને પડકારતી અરજીઓની ખંડપીઠેની સુનાવણી કરતી વખતે ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીની ખંડપીઠે આ આદેશ આપ્યો.

ખંડપીઠે રાજ્યભરના રાજકીય પક્ષો અને તેમના બૂથ-સ્તરના એજન્ટોને એવા લોકોને મદદ કરવા કહ્યું જેઓ તેમના ગણતરી અરજી રજૂ કરવામાં અસમર્થ હતા અને પરિણામે, તેમના નામ મતદાર યાદીમાંથી બહાર રહી ગયા હતા. સર્વોચ્ચ અદાલતે એવો પણ આદેશ આપ્યો હતો કે બિહારમાં 12 માન્ય રાજકીય પક્ષોને SIR કેસમાં પક્ષકાર બનાવવામાં આવે, જો તેઓ પહેલાથી જ અદાલત સમક્ષ હાજર ન હોય.

. . . . .

# DEFENCE RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે , ભારત નવીનતા અને ટેકનોલોજી વિકાસને પ્રોત્સાહન આપીને એક મજબૂત સંરક્ષણ માળખું બનાવી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારત ભારતીય કંપનીઓના વિકાસ માટે પણ અનુકૂળ વાતાવરણ બનાવી રહ્યું છે. શ્રી સિંહે કહ્યું કે દેશ પાંચમી પેઢીના યુદ્ધ વિમાન બનાવવા અને તેના એન્જિન બનાવવા તરફ આગળ વધી રહ્યો છે. તેમણે કહ્યું કે ફ્રેન્ચ કંપની સફ્રાન સાથે દેશમાં એન્જિન ઉત્પાદન શરૂ થવા જઈ રહ્યું છે.

આજે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં , શ્રી સિંહે કહ્યું કે સરકારે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને 66 હજાર કરોડ રૂપિયા ના ખર્ચે 97 તેજસ યુદ્ધ વિમાન બનાવવા માટે એક નવો ઓર્ડર મંજૂર કર્યો છે. તેમણે કહ્યું કે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને સૌપ્રથમ રૂ. 48 હજાર કરોડના ખર્ચે 83 વિમાન બનાવવાનો ઓર્ડર આપવામાં આવ્યો છે. શ્રી સિંહે તમામ વિદેશી કંપનીઓ અને રોકાણકારોને દેશના જીવંત સંરક્ષણ ઉત્પાદન ઇકોસિસ્ટમમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું.

શ્રી સિંહે કહ્યું કે સંરક્ષણ ક્ષેત્રમાં નવીનતા અને ટેકનોલોજી વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઇનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ શરૂ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે સરકાર ખાનગી ક્ષેત્રના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડી રહી છે. ભારતમાં ફાઇટર એરક્રાફ્ટ, હેલિકોપ્ટર, ટેન્ક અને સબમરીન સહિતના મેગા સંરક્ષણ કાર્યક્રમોના ઉત્પાદન માટે તકોના દરવાજા ખુલ્યા છે. તેમણે કહ્યું કે સરકાર આગામી વર્ષોમાં સ્થાનિક ખાનગી કંપનીઓને વૈશ્વિક દિગ્ગજ બનવામાં મદદ કરશે.

ભારત સ્થાનિક એન્જિન સાથે પાંચમી પેઢીના ફાઇટર એરક્રાફ્ટ બનાવવા જઈ રહ્યું છે.

. .

# UN WOMEN RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે ભારત લિંગ સમાનતાને આગળ વધારવા, સમાવેશી નેતૃત્વને પ્રોત્સાહન આપવા અને શાંતિ સમૃદ્ધ બનાવવા માટે કાર્યરત રહશે . શ્રી સિંહે નવી દિલ્હીમાં સંયુક્ત રાષ્ટ્ર મહિલા લશ્કરી અધિકારીઓના અભ્યાસક્રમમાં ભાગ લેતી , વિશ્વભરની મહિલા શાંતિ રક્ષકો સાથે વાતચીત કરતી વખતે આમ જણાવ્યુ હતું , સરકારની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કરતા, સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ભારત યુએન મહિલા લશ્કરી અધિકારીઓના અભ્યાસક્રમ જેવા મિશન અને પગલાંઓમાં મહિલાઓની ભાગીદારી અને તેમના એકીકરણનું સમર્થક રહ્યું છે.

(VOICE CAST - NEHA)

........

# SHUBHANSHU SHUKLA PREZ

ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ, આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી.

શ્રી શુક્લાએ રાષ્ટ્રપતિ સાથે અવકાશના પોતાના અનુભ વો જણાવ્યાં . રાષ્ટ્રપતિએ સમગ્ર ટીમને તેમના ભવિષ્યના પ્રયાસો માટે, ખાસ કરીને ગગનયાન મિશન માટે શુભેચ્છાઓ પાઠવી.

ગ્રુપ કેપ્ટન પ્રશાંત બાલકૃષ્ણન નાયર અને ગ્રુપ કેપ્ટન પુણ્યશ્લોક બિસ્વાલ, ISROના અધ્યક્ષ અને અવકાશ વિભાગના સચિવ ડૉ. વી. નારાયણન અને હ્યુમન સ્પેસ ફ્લાઇટ સેન્ટરના ડિરેક્ટર દિનેશ કુમાર સિંહ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

. . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# GOVT - CHIP DESIGN

સરકારે દેશમાં સેમિકન્ડક્ટર ડિઝાઇન ક્ષમતાઓને પ્રોત્સાહન આપવા માટે 23 ચિપ ડિઝાઇન પરિયોજનાને મંજૂરી આપી છે.

આ પરિયોજના સર્વેલન્સ કેમેરા , એનર્જી મીટર , માઇક્રોપ્રોસેસર આઇપી અને નેટવર્કિંગ એપ્લિકેશન્સ માટે સ્વદેશી ચિપ્સ અને સિસ્ટમ ઓન ચિપ્સ વિકસાવશે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું છે કે , ચિપ ડિઝાઇન પરિયોજના માટે 72 કંપનીને ઇલેક્ટ્રોનિક ડિઝાઇન ઓટોમેશન ઉપકરણ ઉપલબ્ધ કરાવાયાં.

આ સેમિકન્ડક્ટર કંપનીઓમાંથી એક , વર્વેસેમી માઇક્રો ઇલેક્ટ્રોનિક્સે આજે તેના અદ્યતન ઇન્ટિગ્રેટેડ સર્કિટ પોર્ટફોલિયોની જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . .

# DURANDO CUP

પ્રતિષ્ઠિત ડ્યુરન્ડ કપ ફૂટબોલની ફાઇનલ આવતીકાલે નોર્થ ઇસ્ટ યુનાઇટેડ ફૂટબોલ ક્લબ અને ડાયમંડ હાર્બર ફૂટબોલ ક્લબ વચ્ચે રમાશે.

આ મેચ કોલકાતાના સોલ્ટ લેક યુવા ભારતી મેદાન ખાતે રમાશે. બુધવારે , બીજા સેમિફાઇનલમાં , ડાયમંડ હાર્બર એફસીએ ઇસ્ટ બંગાળ એફસીને 2-1 થી હરાવ્યું હતું પ્રથમ સેમિફાઇનલમાં , નોર્થ ઇસ્ટ યુનાઇટેડ એફસીએ શિલોંગ લજાંગ એફસી પર 1-0 થી વિજય મેળવ્યો. ડાયમંડ હાર્બર ફૂટબોલ ક્લબે પ્રથમ વખત આ સ્પર્ધામાં ભાગ લીધો છે અને ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે.

. . . . . . . .

# DRI - HYDROPONIC WEED

ડિરેક્ટોરેટે ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સે **DRIએ** ઓપરેશન વીડઆઉટ હેઠળ દેશભરમાંથી 72 કરોડ રૂપિયાની કિંમતનો 72 કિલો કેફી પદાર્થ કબજો કર્યો છે.

DRIના અધિકારીઓએ બુધવારે બેંગલુરુ અને ભોપાલ જંકશનના ક્રાંતિવીર સંગોલી રાયન્ના રેલ્વે સ્ટેશન પર એક સાથે દરોડા પાડીને કેફી પદાર્થ જપ્ત કર્યો હતો. આ કેસમાં સંડોવાયેલા પાંચેય મુસાફરો અને મુખ્ય કાવતરાખોરની NDPS એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. આ ટોળકી સોશિયલ મીડિયા દ્વારા કોલેજ છોડી દેનારા, પાર્ટ-ટાઇમ શ્રમિક અને બેરોજગાર લોકોને નિશાન બનાવતી હતી.

. . . .

# PAKISTAN ELECTRIC CITY

પાકિસ્તાનના કરાચીમાં ૫૦ કલાકથી વધુ સમય સુધી વીજળી ગુલ થયા બાદ વિરોધ પ્રદર્શનો થયા હતા.

કરાચીના અમીરાબાદ , બુસ્તાન સોસાયટી , યુનિવર્સિટી રોડ અને ટીપુ સુલતાન રોડ સહિતના વિસ્તારોમાં મંગળવારે બપોરથી સતત વીજળી અને પાણી પુરવઠો ખોરવાયો હતો. મીડિયા અહેવાલો અનુસાર , નાગરિકોએ વીજ ઓફિસોની બહાર ધરણા કર્યા હતા , જેના કારણે મુખ્ય રસ્તાઓ પર ભારે ટ્રાફિક જામ થયો હતો.

પ્રદર્શનકારીઓએ તાત્કાલિક વીજળી પુનઃસ્થાપિત કરવાની માંગ કરી હતી અને ચેતવણી આપી હતી કે , જો પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો તેઓ વધુ વિરોધ પ્રદર્શન કરશે. ઉત્તર અરબી સમુદ્ર પર સક્રિય હવામાન પ્રણાલીને કારણે કરાચીમાં ભારે વરસાદ પડ્યો છે , જેના પરિણામે છેલ્લા બે દિવસમાં ડૂબી જવા અને અકસ્માતોમાં ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થયા છે.

. .